# ઈકો વાન પલ્ટી ખાતા એકનું મૃત્યુ

## ડ્રાઈવર ચિલોડા-હિંમતનગર રુટ પર શટલીયા મારતો હતો : પ્રાઈવેટ વાહનોનો કોમર્શીયલ ઉપયોગ : કેપેસીટી કરતા બમણા મુસાફરો બેસાડી બેરોકટોક બેફામ ગતિએ ફેરા મારતા શટલીયાચાલકો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર તથા આસપાસનાં તાલુકા વિસ્તારમાં જીપો અને ઈકો તથા વાન ગાડીનો શટલીયા તરીકે મુસાફરોનાં જીવનાં જોખમે બેરોકટોક ઉપયોગ થઈ રહ્યો છે. ગાંધીનગર-અમદાવાદ રુટ અને ચિલોડા-હિંમતનગર રુટ પર પ્રાઈવેટ વાહનોમાં શટલીયા મારીને બિન્દાસ્તપણે કોમર્શીયલ ઉપયોગ થાય છે અને તેમા પણ વાહનમાં મુસાફર બેસાડવાની કેપેસીટી કરતા બમણા મુસાફરો ભરી વધુ ફેરા મારવાની લ્હાયમાં બેફામ ગતિએ શટલીયા દોડાવાઈ રહ્યા છે. શટલીયાચાલકો પર પોલીસ અને આર.ટી.ઓના અંકુશ કે નિયંત્રણનાં અભાવે નિર્દોષ મુસાફરો જીવ ગુમાવી રહ્યા છે. આજે બપોરે આવી જ એક શટલીયા મારતી ઈકો ગાડી બેફામ ગતિએ હિંમતનગર થી ચિલોડા આવી રહી હતી ત્યારે પલ્ટી મારી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં છ મુસાફરો ઘાયલ થયા જ્યારે એક મુસાફરનુ ઘટના સ્થ્ળ પર જ કરુણ મૃત્યુ નિપજ્યુ હતુ. શટલીયા ચાલક સ્થ્ળ પર ગાડી મુકીને પલાયન થઈ ગયો હતો. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને કાર્યવાહી શરુ કરી છે.

હિંમતનગરથી ચિલોડા તરફ ઠસોઠસ મુસાફરો ભરીને આવી રહેલી શટલીયા ઈકો ગાડી નં.જીજે ૯ બીસી ૯૮૧૮ ધણપ ગામનાં પાટીયા પાસે પહોંચી ત્યારે બપોરનાં અરસામાં અંજલી હોટલ સામે પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માત બાદ ઈકો ગાડીનો ડ્રાઈવર ગાડી મુકીને ફરાર થઈ ગયો હતો. તો બીજી તરફ ઈકોમાં સવાર મુસાફરો પૈકી છ મુસાફરો ઘાયલ થતા હોસ્પિટલાઈઝ્ડ કરવામાં આવ્યા હતા. તેમાં ત્રણ મુસાફરોની હાલત ગંભીર જણાતા તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. જ્યારે ઈકોમાં સવાર મુસાફર સાબરકાંઠા વિસ્તારનાં ૪૦ વર્ષિય લક્ષ્મણભાઈ વખસીભાઈ ખરાડીનું ઘટના સ્થ્ળે કરુણ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અકસ્માતમાં ઘાયલ થયેલા મુસાફરો હિંમતનગરનાં મુકેશભાઈ ચૌહાણ, શાંતિલાલ ગરાસીયા, ઈડરનાં ભરતસિંહ ચૌહાણ, રમતુજી ચૌહાણ અને અમદાવાદ ઓઢવ વિસ્તારનાં મહેશભાઈ રાવ઼ તથા મેમકોનાં તારાબેન સોલંકી સારવાર હેઠ઼ હોસ્પિટલાઈઝ્ડ છે. ચિલોડા પોલીસે શટલીયા ડ્રાઈવર સામે ગુનો દાખલ કરીને તપાસનો દૌર શરુ કર્યો છે. ફરાર આરોપી ડ્રાઈવરની ધરપકડ માટે જમાદાર હિરાજીએ ચક્રો ગતિમાન કર્યા છે.



# બાપુ કોલેજ સામે બસની ટક્કરે બાઈકસવાર પિતા-પુત્રનું મૃત્યુ

## કોલેજમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા પુત્રની ડ્યુટી પુરી થતા પિતા બાઈક લઈને તેને લેવા ગયા હતા : પરત ફરતા કોલેજ બહાર જ અકસ્માત નડ્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક રાંધેજા પાસે સ્થિત બાપુ નોલેજ વિલેજ કોલેજમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા યુવાનની ગઈ સાંજે ડ્યુટી પુરી થતા તેને લેવા તેના પિતા બાઈક લઈને ગયા હતાં. ઘરે પરત ફરતા કોલેજની બહાર જ હાઈવે પર સડસડાટ જતી એસ.ટી બસે તેમનાં બાઈકને અડફેટે લઈ લેતા બાઈક સવાર પિતા-પુત્ર ફંગોળાઈને જમીન પર જબરદસ્ત રીતે પટકાયા હતા. આ અકસ્માતમાં પુત્રનુ સ્થળ પર જ મૃત્યુ થઈ ગયુ હતુ જ્યારે ઘાયલ પિતાનું તેમને હોસ્પિટલમાં લઈ જવાઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં મૃત્યુ નિપજ્યુ હતુ. આ અકસ્માતમાં રાંધેજાનાં પિતા-પુત્ર બંને એ જીવ ગુમાવતા ગામમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે. પેથાપુર પોલીસે આ ઘટના અંગે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.



ગાંધીનગર પાસે આવેલા રાંધેજા ગામમાં રહેતા ૨૫ વર્ષિય યુવાન રશ્મિભાઈ અરવિંદભાઈ પટેલ બાપુ નોલેજ વિલેજ એન્જીનીયરીંગ કોલેજમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો. ગઈ કાલે સાંજે આઠ વાગ્યે રશ્મિભાઈની ડ્યુટી પુરી થતા ગામમાંથી બાઈક નં.જીજે ૧૮ એ.વી. ૬૬૬ લઈને તેને લેવા તેના પિતા અરવિંદભાઈ ગયા હતા. બાઈક પર બેસાડીને પિતા કોલેજથી નિકળ્યા ને હાઈવે પર ચઢ્યા ત્યા જ બેફામ જતી એસ.ટી બસે તેમના બાઈકને જબરદસ્ત ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક સવાર પિતા-પુત્રને ગંભીર ઈજાઓ થવા પામી હતી જેમાં પુત્ર રશ્મિનું ઘટના સ્થળ પર જ પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતુ. જ્યારે પિતા અરવિંદભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં તેમણે છેલ્લો શ્વાસ લીધો હતો. માર્ગ અકસ્માતમાં બસની ટક્કરે પિતા-પુત્ર બંનેનાં કરુણ મૃત્યુ થતા પરિવાર અને કુટુંબમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે જ્યારે ગામમાં પણ વાતાવરણ શોક મગ્ન બન્યુ છે. પેથપુર પોલીસને ઘટનાની જાણ થતા પી.એસ.આઈ એલ.એસ.ચૌધરી ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને બસ ડ્રાઈવર સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# સચિવાલય સામે ઝેરી દવા પી લઈ લાચાર પિતાનો આત્મવિલોપનનો પ્રયાસ

## દિકરીને પરેશાન કરનાર સામે એક્શન ન લેવાતા પિતાની મોરબીથી ગાંધીનગર આવીને પગલુ ભર્યુ : પિતા હોસ્પિટલમાં દાખલ



ગાંધીનગર, તા.૧૩

મોરબી ખાતે રહેતા ગૌતમભાઈ અંબાલીયાએ ગઈ કાલે જ મોરબીથી ગાંધીનગર સચિવાલયનાં ગેટ પાસે આવીને આત્મવિલોપન કરશે તેવી જાહેરાત કરતા ગાંધીનગર પોલીસે સચિવાલય ફરતે વોચ ગોઠવી દીધી હતી. ગૌતમભાઈની દિકરી ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને ત્યા નોકરીમાં બહુજન સમાજ પાર્ટીનો એક આગેવાન એન.જી.ચૌહાણ તેણીને પરેશાન કરે છે. આ મામલે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી છે પરંતુ પોલીસ દ્વારા કોઈ એક્શન લેવાતા ન હોવાનો ગૌતમભાઈ અને તેમની દિકરીનો આક્ષેપ છે. આરોપી સામે કોઈ એક્શન ન લેવાતા આખરે લાચાર બનેલા દિકરીનાં પિતા ગૌતમભાઈએ આત્મવિલોપન કરવાની ચિમકી આપ્યા બાદ આજે સવારે સચિવાલય ગેટ નં.૭ ની બહાર આવીને આત્મવિલોપન કરી લેવા ઝેરી દવા પી લીધી હતી. જો કે તાત્કાલીક ગૌતમભાઈને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. આત્મ વિલોપનના પ્રયાસને પગલે મોરબી પોલીસ પણ ગાંધીનગર દોડી આવી હતી.

# ડભોડા ગ્રામ પંચાયતની વોર્ડ રચનામાં ફેરફાર કરવા માંગ

## જીલ્લા કલેક્ટરને ડભોડાનાં ગ્રામજનોએ કરી લેખિત રજુઆત

ગાંધીનગર, તા.૧૩

ગ્રામ પંચાયતની આવનારી ચુંટણીને ધ્યાને રાખીને ડભોડા ગ્રામ પંચાયત સદસ્ય કિશોરસિંહ રાણા તથા અન્ય સદસ્યો ઉપરાંત ગ્રામજનોએ મળીને ડભોડા ગ્રામ પંચાયતની વોર્ડ રચનામાં ફેરફાર કરવા જીલ્લા કલેક્ટર સમક્ષ લેખિત રજુઆત કરી છે. ડભોડા ગ્રામ પંચાયતમં પહેલા ૨૭ વોર્ડ હતા તેમાં ફેરફાર કરીને હાલમાં ૧૬ વોર્ડની રચના કરવામાં આવેલી છે. આ સંદર્ભે ગ્રામ પંચાયતનાં સદસ્યોને કોઈ જાણ કરવામાં ન આવી હોવા ઉપરાંત કોઈ ઠરાવ પણ કરવામાં આવ્યો ન હોવાનો સદસ્યોનો આક્ષેપ છે. નવી વોર્ડ રચનાની ૧૬ વોર્ડની યાદી પણ પ્રસિધ્ધ કરવામાં આવી નથી. જેને પગલે ગ્રામ પંચાયતનાં મતદારોમાં અસંતોષ ઉભો થવા પામ્યો છે. નવી વોર્ડ રચના ગેરવ્યાજબી ગણાવીને કેટલાક વાંધા સુચનો સાથે ગ્રામ પંચાયતન સદસ્યએ જિલ્લા ચુંટણી અધિકારી કમ જીલ્લા કલેક્ટર સમક્ષ લેખિત રજુઆત કરીને ડભોડા ગ્રામ પંચાયતની વોર્ડ રચનામાં ફેરફાર કરવા માંગ કરી છે. જેમાં રામનગર-બુટાકીયા આશરે છ કિમી થાય છે જેથી બુટાકીયાનો એક વોર્ડ કરવો, રામનગર-સાલુજીનાં મુવાડા ચાર કિમી થાય છે જેથી સાલુજીનાં મુવાડાનો એક વોર્ડ કરવો, વોર્ડ નં.૨૬,૨૭ બંને નજીક હોવાથી એક વોર્ડ કરવો સહિતનાં વિવિધ છ વાંધા સુચનો ગ્રામ પંચાયત સદસ્યએ રજુઆતમાં ટાંક્યા છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા વર્ગ-૧ના કર્મચારીઓ માટે આજે ઓપીડી બિલ્ડીંગના પ્રથમમાળે કાર્યરત સર્જીકલ ઓપીડીના રૂમ નં-૧૩૭ અને ૧૩૮માં મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હોસ્પિટલમાં ફરજ બજાવતા મેડીકલ ઓફિસર્સ સહિત સ્ટાફના કર્મચારીઓએ મોટીસંખ્યામાં લાભ લીધો હતો. આ કેમ્પમાં ઈસીજી, બ્લડ પ્રેશર, બ્લડ શુગર સહિતના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે હોસ્પિટલના તબિબિ અધિક્ષક ડો. બિપિન નાયક, આરએમઓ ડો. કલ્પેશ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# મધુર ડેરી દ્વારા મધુર દિશા હેલ્થ પાર્લરનો પ્રારંભ

## હેલ્થ પાર્લરમાં કૃષિ સંબંધી ચીજવસ્તુઓ ઘ-૫ પાર્લરથી મળી રહેશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરની પ્રસિધ્ધ મધુર ડેરીએ શહરીજનો માટે એક નુતન અભિગમ અપનાવ્યો છે. શહેરમાં ઠેર-ઠેર આવેલા મધુર-અમુલ પાર્લરમાં દુધ, દહી, છાશ, ઘી, મીઠાઈઓની સાથે હવે ફળ, શાકભાજી, અનાજ,કઠોળ, સહિતની ચીજવસ્તુઓ પણ સરળતાથી મળી રહેશે. મધુર ડેરી દ્વારા પ્રથમ તબક્કે આ દિશા હેલ્થ પાર્લરનો શુભારંભ ઘ-૫ અમુલ પાર્લર ખાતેથી કરવામાં આવ્યો છે. ત્યારબાદ આગામી સમયમાં તમામ પાર્લરોને હેલ્થ પાર્લર તરીકે વિકસાવામાં આવશે.

દશેરાના પવિત્ર તહેવારના દિવસે મધુર-દિશા હેલ્થ પાર્લરનો શુભારંભ કરતા મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ જણાવ્યું હતું કે હેલ્થ પાર્લર એક અભિગમ છે. ગ્રાહકો દુધ ઉત્પાદકો અને ખેડૂતોને જોડવાની એક મજબુત કડી બની રહેશે. પ્રારંભિક તબક્કે હેલ્થ પાર્લરની શરુઆત ઘ-૫ અમુલ પાર્લરથી કરવામાં આવ્યો છે. ત્યારબાદ ગ્રાહકોના પ્રતિસાદ મુજબ શહેરના તમામ પાર્લરોને હેલ્થ પાર્લર તરીકે વિકસાવવામાં આવશે. હેલ્થ પાર્લરના માધ્યમથી દુધ, દહી, ઘી, છાશ, મીઠાઈની સાથે ફળ અને શાકભાજી સહિત આરોગ્યપ્રદ અને સાત્વિક ખાદ્ય પદાર્થો પાર્લર પર સરળથાથી મળી રહેશે. તેમજ એટલું જ નહી જરુર પડચે ફ્રી હોમ ડિલીવરી પણ કરવામાં આવશે.

જયારે દિશાના ચેરમેન રાજુભાઈ પુરોહીતે જણાવ્યું હતુ કે દિશા એ ઉત્પાદકો અને વપરાશકારો બન્નેના હિતોનું જતન સંવર્ધન કરતી સામાજીક જવાબદારી ધરાવતી કંપની છે. નામાંકિત અને અનુભવી વિવિધ સોશીયલ એન્ટરપ્રાઈસ, ઉત્પાદક એકમો પાસેથી મુલ્યવર્ધિત પોષક -સાત્વિક ખાદ્ય પદાર્થો, તેમજ ખેડુતો પાસેથી કૃષિ ઉત્પાદનો મેળવી હેલ્થ પાર્લર દ્વારા વેચાણ કરવામાં આવશે.




# શહેર કોંગ્રેસની કારોબારી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ કાર્યાલય ખાતે આજે બપોરના સુમારે શહેર કોંગ્રેસની કારોબારી બેઠક શહેર અધ્યક્ષ ડો. કૌશિક શાહ મળી હતી. આ બેઠકમાં આવનારી વિધાનસભા ચુંટણીને અનુલક્ષી વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનો, હોદેદારો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેર કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક આજે સેકટર-૨૨ કાર્યાલય ખાતે યોજાઈ હતી. જેમાં બેઠકના પ્રારંભે ઉરીમાં શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ બેઠકમાં હાજર સૌ આગેવાનો, કાર્યકરો તેમજ પ્રભારી તરફથી એક જ શુર હતો કે આગામી ચુંટણીમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થાય તે માટે આહવાન કર્યુ હતું અને અત્યારથી કામમાં લાગી જવા જણાવ્યું હતું. પ્રદેશ નિરિક્ષક ડો. જીતુભાઈ પટેલે જણાવ્યું હતુ કે આપણે સૌ કાર્યકર્તાઓએ સાથે મળીને સંગઠન વધુ મજબુત બનાવવા કામ કરવું જોઈએ. જયારે પ્રદેશ મહામંત્રી ધર્મપાલજીએ સૌને હાકલ કરી હતી કે ગાંધીનગર શહેરમાં સૌ સાથે મળીને સંગઠનને વધુ મજબુત બનાવો, દરેક તહેવારની ઉજવણી થાય, કોર્પોરેટરો પણ વિકાસના કામો કરવા અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં ગુજરાતના પ્રદેશના મહામંત્રી અને પ્રવકતા નિશિત વ્યાસ, ડો. જીતુભાઈ પટેલ, ધર્મપાલજી, ચિમનભાઈ વિઝુંડા, તેજાભાઈ દેસાઈ, પ્રદિપસિંહ વાઘલા, અશ્વિન ટાપરીયા, વિજયભાઈ સોલંકી, ભાનુબેન રોહીત, સવિતાબેન ડાભી, જયદિપસિંહ ઠાકોર, એનએસયુઆઈ, યુવા કોંગ્રેસ, રાકેશ જાની, અશ્વિન સુહાન, મુકેશ મારુ, ઈશ્વરભાઈ ખેંગાર સહિત કોંગ્રેસના હોદેદારો, કાર્યકરો વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# કલેકટર કચેરી સામે પાર્કીંગનું કામ આરંભાયું

ગાંધીનગર શહેરમાં પાર્કીગનો પ્રશ્ન તંત્રના માથાના દુખાવા સમાન બની જવા પામ્યો છે. શહેરમાં આડેધડ થતા પાર્કીગ થી અન્ય વાહન ચાલકોને પરેશાની વેઠવાનો વારો આવે છે. શહેરના મુખ્ય બજારો સહિત ઘ માર્ગ પર પાર્કીંગની સમસ્યા વધુ વકરી છે ત્યારે તાજેતરમાં કોર્ટ અને કલેકટર કચેરીની વચ્ચે રહેલી જગ્યામાં અધ્યંતન પાર્કીંગ તૈયાર થઈ ગયું છે. ત્યારબાદ હવે કલેકટર કચેરી સામેની બાજુએ પાર્કીંગ બનાવવાની કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે અને ટુંક સમયમાં પાર્કીંગ તૈયાર થઈ જશે ત્યારબાદ કોર્ટ અને કલેકટર કચેરી પાસે પાર્કીંગની સમસ્યા દુર થઈ જશે.

ગાંધીનગર શહેરમાં કોર્ટ તેમજ કલેકટર કચેરી પાસે છેલ્લા ઘણા સમયથી પાર્કીંગની સમસ્યા વકરી હતી. શહેરની મુખ્ય કચેરી ખાતે વિવિધ કામ અર્થે આવતા નાગરીકોને પોતાના વાહનો કયાં મુકવા તે પરેશાની હતી. પરંતુ શહેરમાં પાર્કીંગની સમસ્યા છેલ્લા ઘણા સમયથી વકરી રહી છે ત્યારે તંત્ર દ્વારા કલેકટર કચેરીની બાજુમાં અધ્યંતન પેવર બ્લોક તેમજ લોખંડની ગ્રીલ સાથે ઈન-આઉટ ગેટ તેમજ લાઈટની પણ વ્યવસ્થા સહિત પાર્કીંગનું કામ મોટાભાગનું પૂર્ણ થઈ ગયું છે ટુંક સમયમાં કાર્યરત પણ થઈ જશે ત્યારે હવે કલેકટર કચેરી સામેની બાજુમાં પણ પાર્કીંગ બનાવવાની કવાયત તેજ કરી દેવામાં આવી છે. તેમજ નડતરરુપ લારી-ગલ્લાધારકોને પણ ત્યાંથી ખદેડી મુકવામાં આવ્યા છે.



# આજે વિધાનસભા ખાતે તાલીમ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતેના ગણેશ વાસુદેવ માળવંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરોના ઉપક્રમે આજે તા. ૧૪મી ઓકટોબર, ૨૦૧૬ના રોજ સવારના ૧૦-૩૦થી ૪-૪૦ કલાક દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાના આંગણવાડી કાર્યકરો માટે યોજનાકીય માર્ગદર્શન તેમજ તેઓ સફળતાપૂર્વક કામગીરી કરી શકે તે હેતુથી એક તાલીમ કાર્યક્રમનું આયોજન અધ્યક્ષ રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું છે.

આ તાલીમ કાર્યક્રમમાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગના વિષયોના નિષ્ણાંત વક્તાઓ યોજનાકીય માહિતી અને માર્ગદર્શન આપશે. જ્યારે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી આત્મારામભાઈ પરમાર તેમજ રાજ્યકક્ષાના મંત્રી નિર્મલાબેન વાધવાણી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

આ તાલીમ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન તા. ૧૪/૧૦/૨૦૧૬ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અધ્યક્ષ રમણલાલ વોરા કરશે. આ તાલીમ કાર્યક્રમ દ્વારા આંગણવાડી કાર્યકરોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ સંબંધિત વિસ્તૃત માહિતી મળશે તેમજ તેમના કામકાજમાં સરળતા અને સફળતા પ્રાપ્ત થાય તે અંગે માર્ગદર્શન મળી રહેશે. આ કાર્યક્રમમાં મહિલા અને બાળવિકાસ વિભાગના સચિવ સહિત ઉચ્ચ અધિકારીઓ હાજરી આપશે, તેમ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલયની યાદીમાં જણાવાયું છે.

# ઝુંડાલ ગુરૂકુલ સ્વામીનારાયણ ધામના ૩૨ વિદ્યાર્થીઓને ખોરાકી ઝેરની અસર

## મંગળવારે રાત્રે દાળ-ઢોકળી અને સમોસા ખાધા બાદ છાત્રોને ઝાડા-ઉલ્ટી શરૂ થઈ જતા દોડધામ

ગાંધીનગર, તા. ૧૩

અડાલજ નજીક અખેલા ઝુંડાલ ગામની સીમમાં સ્થિત ગુરૂકુળ સ્વામિનારાયણ ધામના ૩૦ થી ૩૨ છાત્રોને મંગળવારે રાત્રે ભોજન લીધા બાદ ઝાડા-ઉલ્ટી શરૂ થઈ જતાં ગુરૂકુલમાં દોડધામ મચી જવા પામી હતી. તાત્કાલિક ખોરાકી ઝેરની અસર પામેલા છાત્રોને ગાંધીનગર અને અમદાવાદની અલગ અલગ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. સદ્‌ભાગ્યે તમામ છાત્રોની તબીયત હાલ સુધારા પર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મંગળવારે રાત્રે ગુરૂકુળના છાત્રોને જમવામાં દાળ-ઢોકળી અને સમોસા આપવામાં આવ્યા હતા. કયા કારણોસર છાત્રોને ફૂડ પોઈઝનીંગની અસર થઈ તેની તપાસ ચાલી રહી છે.